84

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
ઇ-મેઇલઃ gscic@gujarat.gov.in વેબસાઇટઃ www.gic.gujarat.gov.in

તાત્કાલીક

જીઆઇસી/અપીલ-૧૮૫૪-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ
તા.૦૩-૦૭-૨૦૨૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી
સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોક નં.૧/૭, નવા સચિવાલય,
સેકટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી પ્રવિણભાઇ અંબાલાલ પટેલ રહે, વેજલપુર, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૨૫/૦૬/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: અપીલ-૧૮૫૪-૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના ગુજરાત માહિતી આયોગના તા.૨૫/૦૬/૨૦૨૫ ના હુકમ ક્રમાંક: અપીલ-૧૮૫૪-૨૦૨૪ ની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

RTI Cell
5/7/25

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

**અપીલ નં- અ-૧૮૫૪-૨૦૨૪**

વિવાદી : શ્રી પ્રવીણભાઇ અંબાલાલ પટેલ
ઈ-૧૦૧, ધી કલા રેસીડેન્સી
કો.ઓ.હા. સર્વીસ સોસાયટી લી.,
રેડીયો મીર્ચી પાસે, ટાઈમ્સ ઓફ
ઈન્ડીયા પ્રેસ રોડ, ધનંજય ટાવર પાછળ,
સેટેલાઈટ,વેજલપુર,
અમદાવાદ - ૩૮૦૦૧૫

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
ઓડીટર ગ્રેડ-૧(ટેસ્ટ)
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ)
અમદાવાદનું કાર્યાલય,ઠે.જનરલ બેન્ક બિલ્ડિંગ,
બીજો માળ,૧૦,સ્થાનકવાસી, જૈન સોસાયટી,
રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩

(૨) અપીલ સત્તાધિકારી
જીલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ)
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ),
અમદાવાદનું કાર્યાલય, ઠે.જનરલ બેન્ક બિલ્ડીંગ,
બીજો માળ, ૧૦, સ્થાનકવાસી,જૈન સોસાયટી,
રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩

તા. ૨૫/૬/૨૦૨૫ અ-૧૮૫૪-૨૦૨૪

ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૨૪/૦૬/૨૦૨૫

(૨) સુનાવણી માટેનું સ્થળ : ગુજરાત માહિતી આયોગ

(૩) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : તારીખ |
|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : ૨૩/૦૧/૨૦૨૪ |
| (ii) | તબદીલી પત્ર | : -- |
| (iii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : ૧૨/૦૨/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ | : ૨૨/૦૨/૨૦૨૪ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : ૧૪/૦૬/૨૦૨૪ |
| (vi) | રીમાન્ડ હુકમ | : ૨૦/૦૯/૨૦૨૪ |
| (vii) | અરજદારની રી ઓપન રજૂઆત | : ૧૮/૦૨/૨૦૨૫ |
| (viii) | બીજી અપીલ | : ૧૬/૦૪/૨૦૨૪ |
| (ix) | વિવાદીની રજૂઆત | : ૨૩/૦૬/૨૦૨૫ |
| (x) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : ૧૦/૦૨/૨૦૨૫<br>૨૩/૦૬/૨૦૨૫ |
| (xi) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : ૧૦/૦૨/૨૦૨૫ |

(૪) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : શ્રી પ્રવીણભાઇ અંબાલાલ પટેલ ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) શ્રી ચોક્સી ઉદય બી., જાહેર માહિતી અધિકારી અને ઓડીટર ગ્રેડ-૧(ટેસ્ટ), જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ), અમદાવાદનું

કાર્યાલય, નારણપુરા, અમદાવાદ આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી વી.આર.કપુરિયા, પ્રથમ અપીલ સત્તાધિકારી અને જીલ્લા રજીસ્ટ્રાર(હાઉસીંગ), જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), અમદાવાદનું કાર્યાલય, નારણપુરા, અમદાવાદ આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૫) **આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતોઃ-**

જાહેર માહિતી અધિકારીએ માંગણી મુજબની માહિતી નિયત સમયમર્યાદામાં આપેલ નથી. પ્રથમ અપીલ સત્તાધિકારીએ યોગ્ય કાર્યવાહી કે હુકમ કરેલ નથી. આથી, માંગણી મુજબની માહિતી અપાવવા રજૂઆત કરેલ છે.

(૬) **આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-**

વિવાદી દ્વારા અત્યાર સુંધીમાં આયોગ સમક્ષ કુલ ૨૫૬ બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે. તે જોતા, વિવાદી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓથી સૂપેરે વાકેફ હોવાનું માનવાને કારણ રહે છે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી મળેલ ન હોવાથી, તેઓ દ્વારા બીજી અપીલ કરવામાં આવેલ છે. વિવાદી દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૫ના પત્રથી માહિતી અપાવવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીની રજૂઆત અનુસાર, વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે વિવાદી પાસેથી નિયત નકલ ફી મેળવવા માટે સમયમર્યાદામાં એટલે કે, તા.૧૨/૦૨/૨૦૨૪ના પત્રથી નિયત નકલ ફીની ચૂકવણી કરવા માટે જણાવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા નિયત નકલ ફીની ચૂકવણી કરવામાં આવેલ ન હોવાથી, વિવાદીને માહિતી આપવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીના નિર્ણયને પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા "યોગ્ય" ઠરાવવામાં આવેલ છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

આયોગના પરામર્શ અન્વયે વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી માત્ર ત્રણ પાનાની હોવાથી, ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીએ વિવાદીને વિનામૂલ્યે માહિતી આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીને જણાવવામાં આવેલ છે કે, વિવાદીની અરજીના પ્રત્યેક મુદ્દા પરત્વે ઉપલબ્ધ માહિતી અથવા યોગ્ય પ્રત્યુત્તર આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૦માં વિવાદીને આર.પી.એડી. પત્રથી વિનામૂલ્યે આપવામાં આવે.

જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૫ના પત્રથી આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ અહેવાલમાં નીચે મુજબની હકિકતો આયોગના ધ્યાન ઉપર મૂકવામાં આવેલ છે.:-

"અરજદાર શ્રી પ્રવીણભાઈ અંબાલાલ પટેલ દ્વારા અત્રેની કચેરીમાં મોટી સંખ્યામાં આર.ટી.આઇ અરજીઓ તથા પ્રથમ અપીલો કરેલ છે.જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| સમયગાળો | આર.ટી.આઈ અરજીઓની સંખ્યા | પ્રથમ અપીલોની સંખ્યા |
|---|---|---|
| તા.૧/૪/૨૦૧૯ થી તા.૩૧/૩/૨૦૨૦ | ૭૨ | ૬૪ |
| તા.૧/૪/૨૦૨૦ થી તા. ૩૧/૩/૨૦૨૧ | ૧૯ | ૧૮ |
| તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૧/૩/૨૦૨૨ | ૪૧ | ૪૩ |
| તા.૧/૪/૨૦૨૨ થી તા.૩૧/૩/૨૦૨૩ | ૮૪ | ૩૪ |
| તા.૧/૪/૨૦૨૩ થી તા. ૩૧/૩/૨૦૨૪ | ૧૨૨ (જે પૈકી ૩ અરજી તેમના પત્ની ઇલાબેનના નામે કરેલ છે.) | ૧૦૨ |
| તા.૧/૪/૨૦૨૪ થી તા. ૩૧/૩/૨૦૨૫ | ૧૧૩ | ૯૫ |
| તા.૧/૪/૨૦૨૫ થી તા.૩૧/૫/૨૦૨૫ | ૫૫ | ૩૩ |

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

અરજદારે અત્રેની કચેરીમાં ખૂબ મોટી સંખ્યામાં આર.ટી.આઈ તથા પ્રથમ અપીલો દાખલ કરેલ છે. અરજદાર દ્વારા કરવામાં આવતી મોટાભાગના અરજીઓ સમાન પ્રકારની અથવા તો સમાન બાબતના વિષયને સ્પર્શતી માહિતી માટે હોઈ છે.તેમજ અરજદારશ્રી દ્વારા એક જ વિષયને સ્પર્શતી બાબતે મોટી સંખ્યામાં અરજીઓ કરવામાં આવતી હોઇ, જાહેર માહિતી અધિકારી તથા સહાયક જાહેર માહિતી અધિકારી તેમની અન્ય કામગીરી સમયસર કરી શકતા નથી. અત્રે જાહેર માહિતી અધિકારી ની જગ્યા માટે વર્ગ-૨ ના અધિકારીની જગ્યા મંજૂર થયેલ ન હોઇ,ઓડિટર ગ્રેડ-૧ (ટેસ્ટ)કે જેઓ અત્રે કાર્યાલય અધિક્ષક તથા જાહેર માહિતી અધિકારી તરીકે ફરજો બજાવતા હોઇ, કચેરી કામગીરી ઉપર પણ પ્રતિકૂળ અસર પડે છે.તેમજ સરકારી સંસાધનો તથા માનવ કલાકોનો વેડફાટ થાય છે.

વધુમાં, અરજદારશ્રીને તેઓની આર.ટી.આઈ અરજી પરત્વે દાખલ પ્રથમ અરજી બાબતે આપવામાં આવતી સુનાવણી કે રેકર્ડ નિરીક્ષણમાં છેલ્લા ઘણા સમયથી અરજદાર હાજર રહેતા નથી.જેમાં કેટલાક કિસ્સામાં અરજદારની લેખિત માંગણી પર જ તેઓને ન્યાયના હિતમાં વધુ સુનાવણી આપવામાં આવેલ પરંતુ,સુનાવણી ની મુદત પહેલા જ અરજદાર દ્વારા આયોગમાં અપીલ કરી દેવામાં આવેલ છે. વિશેષમાં અરજદારશ્રીને તેઓની સંબંધિત હોદ્દેદારોને રજૂઆત કરવા બાબત આ કાર્યાલયમાં તા. ૧૮/૮/૨૦૨૨ તથા તા. ૨૬/૯/૨૦૨૨ ના રોજ રુબરૂ સુનાવણીમા બોલાવેલ હતા ત્યાર બાદ કલા રેસીડેન્સી કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી. મુ.વેજલપુર દ્વારા આ બાબતે નામ. બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ અમદાવાદ સમક્ષ દાવો કરેલ જે હાલમાં પડતર છે તેમ જણાવેલ. જેથી સદર બાબત સહકારી કાયદાની કલમ- ૯૬ હેઠળ હાલ પડતર હોઈ અને કાયદાની જોગવાઈ પેટા નિયમની જોગવાઈની ઉપરવટ અસરકર્તા હોઈ અરજદાર અને સોસાયટી વચ્ચે ઉપસ્થિત થયેલ મતભેદ બાબતે હાલ અત્રેથી કોઈ નિર્ણય થઈ શકે નહી. જેથી નામ. બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ સમક્ષ પડતર દાવામા જે નિર્ણય થાય તેનો બંને પક્ષકારોએ અમલ કરવાનો રહે તેવી જાણ અરજદારશ્રીને અત્રેના તા ૧૩/૧/૨૦૨૩ ના પત્ર ધરમ/ ૦૧/ ખ-૧/૧૨/સને ૨૦૨૩ થી કરેલ છે.આથી અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ નારાજ થઈ અત્રેની કચેરીમાં વારંવાર આર.ટી.આઈ. હેઠળ જુદી જુદી વિગતો માંગતી અરજીઓ કરી રહેલ છે તેવું માનવાને કારણ છે અને તેના કારણે આ કચેરીના માનવબળનો દૂર ઉપયોગ થઈ રહેલ છે.તથા પ્રવીણભાઈ પટેલ ની આર.ટી.આઇ અરજીઓ સંદર્ભે પ્રથમ અપીલ અધિકારી દ્વારા થયેલ અલગ- અલગ હુકમો અન્વયે અરજદારશ્રીને સહકારી કાયદાની કલમ-૩૩ હેઠળ માહિતી પૂરી પાડવા ધી કલા રેસીડેન્સી કો.ઓપ.હા.સો.લીના ચેરમેન/સેક્રેટરીને પત્રો પણ લખવામાં આવેલ છે.

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

નામ. ગુજરાત માહિતી આયોગ,ગાંધીનગરના તા.૨૮/૦૧/૨૦૨૫ના રોજ થયેલ સુનાવણી સંદર્ભે અત્રેના તા.૨૨/૦૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૩/૨૦૨૫ ના પત્રથી સોસાયટીને સહકારી કાયદાની કલમ-૩૩ અન્વયે આપવાપત્ર તેમજ ઉપલબ્ધ માહિતી નિયત ફી મેળવી દિન-૭ માં પુરી પાડી અત્રે જાણ કરવા જણાવેલ. જે સંદર્ભે સોસાયટીએ તા.૨૪/૦૨/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, અત્રેની કચેરીની ઉક્ત સુચના અન્વયે સહકારી કાયદાની કલમ-૩૩ ની જરૂરી માહિતી બાબતે અરજદારશ્રીને અગાઉ બે-ત્રણ પત્ર લખી માહિતી રૂબરૂ મેળવી લેવા જણાવેલ હતુ. પરંતુ અરજદારશ્રી દફતર ચકાસવા હાજર રહેલ નથી. ત્યારબાદ સોસાયટીના તા.૧૨/૧૧/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રી પટેલને તા.૨૪/૧૧/૨૦૨૪ ના રોજ ૧૦:૩૦ કલાકે સોસાયટીની ઓફિસે આવી દફતર ચકાસી જરૂરી માહિતી નિયત ફી ભરી મેળવી લેવા જણાવેલ હતુ. પરંતુ સદર તારીખે અરજદારશ્રી સોસાયટીની ઓફિસે આવેલ નથી. ત્યારબાદ સોસાયટી દ્વારા પુન: તા.૦૨/૦૩/૨૦૨૫ ના રોજ ૧૦:૩૦ કલાકે સોસાયટીની ઓફિસે આવી દફતર ચકાસી જરૂરી માહિતી નિયત ફી ભરી મેળવી લેવા જણાવેલ હતુ અને સોસાયટીના હોદ્દેદાર દ્વારા રૂબરૂ જણાવ્યા અનુસાર સદર તારીખે અરજદારશ્રી સોસાયટીની ઓફિસે ગયેલા નથી, તેવું સોસાયટી દ્વારા અત્રે જણાવેલ છે.

અરજદારશ્રીની અપીલ અરજીઓ બાબતેની સુનાવણી દરમ્યાન તથા ગુજરાત માહિતી આયોગના તા. ૭/૭/૨૦૨૩ ના હુકમના અવલોકનના મુદ્દા નં. ૧૩ મા વિવાદીશ્રીની રજૂઆત સંદર્ભે સહકારી કાયદાની કલમ-૯૬ મુજબ બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમા પડતર દાવાના સત્વરે નિકાલ થાય તે માટે અત્રેના તા. ૩૦/૧૦/૨૦૨૩ ના પત્ર નં. મકમ/ ૦૧/૬-૧/ ૧૦૭૮/ ૨૦૨૩ થી વિનંતિ કરેલ છે.

વધુમાં અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલની સહકારી કાયદાની કલમ-૩૩ હેઠળ માહિતી પૂરી પાડવા ધી કલા રેસીડેન્સી કો.ઓપ.હા.સો.લીના ચેરમેન/સેક્રેટરીશ્રીને અત્રેની કચેરીમાં સુનાવણીમાં બોલાવેલ અને અરજદારશ્રીને જરૂરી માહિતી પૂરી પાડવા જણાવતાં સોસાયટી દ્વારા અરજદારશ્રીને તા. ૧૭/૭/૨૦૨૩ ના પત્રથી અત્રેની સુચનાનુસાર ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૩૩ હેઠળ સોસાયટીનુ દફતર તપાસવા તા.૩૦/૭/૨૦૨૩ ના રવિવારના રોજ ૧૦/૩૦ કલાકે સોસાયટીની ઓફીસે બોલાવેલ હતાં તેમજ અરજદારશ્રીને જોઈતી માહિતીની નકલ પૂરી પાડવા સહમત થયેલ હતા પરંતુ અરજદારશ્રી જે આર.ટી.આઈ અરજી અન્વયે ઘણીવાર રેકર્ડ નિરીક્ષણ, રજૂઆત સબબ સૂનાવણી બાબતે જાણ કરાયેલ છે. પરંતુ અરજદારશ્રી દ્વારા છેલ્લા ઘણા સમયથી આ બાબતે હાજર રહેવા કે રેકર્ડ નિરિક્ષણ હેતુ કચેરીમા આવેલ નથી.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

અરજદારશ્રીને અપીલ સંદર્ભે અત્રે સુનાવણી માટે કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે, જેમાં જિલ્લા રજિસ્ટ્રારને અન્ય ચાર્જ પણ સુપ્રત થયેલ હોઈ, આકસ્મિક કોઈ મિટીંગમાં/અન્ય કોઈ વહીવટી કારણોસર સુનાવણી મોકુફ કરવાની ફરજ પડે છે.તથા અરજદારને પણ સદર બાબતે અગાઉ થી ટેલિફોનિક જાણ કરી દેવામાં આવે છે.પરંતુ, ત્યારબાદ શ્રી પટેલ દ્વારા જિલ્લા રજિસ્ટ્રારશ્રી એ કયા કારણે સુનાવણી મોકુફ કરેલ છે,તે અંગેના આધારો માંગતી આર.ટી.આઈ પણ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રી આ પ્રકારની આર.ટી.આઈ અરજી કરવાનો હેતુ તેઓની કોઈ વ્યક્તીગત/કાનુની ન્યાય કે નીર્ણય કે જાહેર હેતુ સંબંધિત ન હોવાનું જણાઈ આવે છે. ઘણા કિસ્સામાં અરજદારશ્રીને અપાયેલ પ્રત્યુત્તર કે માહિતી સંબંધે તેને લગત પુન: પ્રશ્નોત્તરી કે સ્પષ્ટતાને લગતી માહિતી માંગતી અરજીઓ કરવામાં આવે છે.

અરજદાર દ્વારા ગુજરાત માહિતી આયોગમાં પણ ખૂબ મોટી સંખ્યામાં અપીલો દાખલ કરવામાં આવે છે.જે તમામના જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીના અહેવાલો આયોગને મોકલવામાં આવે છે. ભુતકાળમાં પણ આયોગ સમક્ષ સમાન પ્રકારના વિષયોની અરજી પરત્વે નિકાલ થયેલ છે.

આમ, આર.ટી.આઈ તથા અપીલ સંબંધિત તમામ કામગીરી સમયમર્યાદામાં કરવાની હોય છે.પરંતુ, ઉપરોક્ત કારણોસર અન્ય અરજદારોની આર.ટી.આઈ તેમજ અપીલના નિર્ણયની પ્રક્રિયા સમયસર પૂર્ણ થઇ શકતી નથી.તેમજ આયોગ દ્વારા અરજદારને આટલા મોટા પ્રમાણમાં અરજી ન કરવા સમજાવતા, કેટલીક અરજીઓ તેમના પત્ની શ્રીમતી ઇલાબેન પટેલના નામે પણ કરવામાં આવેલ છે.

અરજદારે કરેલ આર.ટી.આઈ મોટાભાગે અરજદાર અને સોસાયટી વચ્ચેની તકરાર ને સંબંધિત છે. તેમજ સદર બાબતે નામ.બોર્ડ ઓફ નોમીનીઝમાં દાવો ચાલી રહેલ છે.

અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ દ્વારા તેમની આર.ટી.આઈ. અરજીમાં માંગવામાં આવતી ઘણી માહિતીઓ કલા રેસીડેન્સી કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી. નામની સોસાયટીના ચેરમેન/સેક્રેટરી પાસેથી માહિતી મંગાવી અને આપવા પરત્વે રજુઆત કરવામાં આવે છે. જે બાબતે જણાવવાનું કે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ -૩૭ હેઠળ સોસાયટીનુ રજિસ્ટ્રેશન થતા તે કોર્પોરેટ બોડી બને છે એટલે કે કલા રેસીડેન્સી કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી. નામની સોસાયટી સ્વાયત સંસ્થા છે વધુમાં આ

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

સોસાયટીને સરકારશ્રી તરફથી કોઈ નાણાંકીય સહાય/શેર ફાળો આપવામાં આવેલ નથી.જેથી આ કાર્યાલયના સીધા નિયંત્રણમા નથી .આ ઉપરાંત નામ.સુપ્રિમ કોર્ટે સિવિલ એપ્લીકેશન નંબર ૯૦૧૭/સને ૨૦૧૩ ના ચુકાદામા આપેલ જજમેન્ટન પેરા નં. ૫૪ **"the Co.oprative societies registered under the Kerala Societies Act will not fall within the definition of " public authority" as defined under section 2(h) of the RTI Act "** મુજબ સહકારી સંસ્થાના જાહેર સત્તા મંડળ ગણી શકાતી નથી. જેથી સોસાયટી જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં સમાવેશ કરેલ ન હોઈ અરજદારશ્રીની માંગણી મુજબ કલા રેસીડેન્સી કો-ઓપ. હા.સર્વિસ સોસાયટી લિ. પાસેથી માહિતી મેળવી અને આપવાની રહેતી ન હોવા છતા અત્રેથી ઘણી વખત આ બાબતે સોસાયટીને જરૂરી માહિતી/ વિગતો પુરી પાડવા અરજદારશ્રીના હીતમાં કાર્યવાહી કરાયેલ છે.

અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ દ્વારા કલા રેસીડેન્સી કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી. મુ.વેજલપુર અમદાવાદના પેટા કાયદા નંબર-૫૫ ના અર્થઘટન બાબતમાં સોસાયટી સાથે મતભેદ ઉપસ્થિત થતા સોસાયટી ના પેટા નિયમ ૬૬ મુજબ નિર્ણય કરવા બાબત આ કાર્યાલયને રજૂઆત કરેલ હતી.આ બાબતે અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ તથા કલા રેસીડેન્સી કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી. મુ.વેજલપુર ના તે તારીખે સોસાયટીમા હાજર રહેલ નથી, જેથી અત્રેની કચેરીના તા. ૩/૧૧/૨૦૨૩ ના જા.ક: ઘરમ/૦૧/ ખ-૨/૪૦૪/સને ૨૦૨૩થી અરજદારશ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલને સોસાયટીનું દફતર ચકાસણી માટે અનુકૂળ તારીખ અને સમયની સોસાયટીને જાણ કરવા જણાવેલ છે. જે બાબતે પણ અરજદારશ્રી દ્વારા અનુવર્તી કાર્યવાહી કરાયેલ નથી. તથા તેઓશ્રી દ્વારા આ પ્રકારની માહિતી સામન્યત: અત્રેથી જ માહિતી અપાય કે અત્રેથી જ સોસાયટી પાસેથી મેળવીને અપાય તેવો આગ્રહ રાખવામાં આવે છે. જે સંબંધિત સહકારી કાયદાની સભાસદને આપવા સંબંધિત આનુષંગીક જોગવાઈ થી સુસંગત નથી.

અત્રેની કચેરીમાં માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળતી વિપુલ પ્રમાણની અરજીઓ અને પ્રથમ અપીલોના નિકાલની કામગીરી પણ કરવાની થાય છે. જેના કારણે પણ આ કચેરીની નિયમિત કામગીરી પર અસર પડે છે અને કામનું અત્યંત ભારણ રહે છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

આમ, અત્રેની કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આશરે કુલ ૧૪૦૦૦ થી પણ વધુ નોંધાયેલી હાઉસિંગ તથા હાઉસિંગ સર્વિસ સોસાયટીઓનો સમાવેશ થાય છે.જે સામે અત્રેની કચેરીનું કુલ ફાળવણી કરેલ વહીવટી મહેકમ કચેરીની કામગીરીના પ્રમાણમાં ઘણું ઓછું છે.પરંતુ મંજૂર મહેકમ પૈકીની અગત્યની ઘણી જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી હોવાના કારણે

કચેરીની કામગીરી ઉપર પ્રતિકૂળ અસર પડી રહી છે વળી, કચેરીમાં આવતી આર.ટી.આઈ પણ મોટી સંખ્યામાં હોઈ, તેની માહિતીની શોધખોળ તથા માહિતી તૈયાર કરવામાં અન્ય કામગીરી સમયસર થઈ શકતી નથી. કચેરીમાં કામગીરીનું ભારણ, સમગ્ર કચેરી અને તેના કર્મચારીઓ ઉપર રહેવા પામે છે તેમજ વડી કચેરીના પત્રો, સરકારશ્રીના અગત્યના પત્રો, જનસંપર્ક, પીજી પોર્ટલ, કલેકટરશ્રી સ્વાગત કાર્યક્રમ હેઠળની કામગીરી, અરજદાશ્રીઓની વિશાળ પ્રમાણમાં રજુઆતો વગેરે બાબતે સમયમર્યાદામાં કામગીરી હાથ ધરી શકાતી નથી અને કામગીરીમાં વિલંબના કારણે વડી કચેરી અને સરકારશ્રીમાં આ કચેરી અને તેના કર્મચારીઓનું ખોટું ચિત્ર ઉપસ્થિત થાય છે.

ઉપરોક્ત હકીકતોથી વાકેફ થવા, તથા અરજદારશ્રી પ્રવીણભાઇ અંબાલાલ પટેલ તથા તેમના પત્ની ઇલાબેન પ્રવીણભાઈ પટેલને આપની કક્ષાએથી જરૂરી સૂચના થવા વિનંતી છે."

આયોગ દ્વારા અપીલ નં. અ-૧૦૮૬-૨૦૨૩ અને અન્યમાં તા.૦૭/૦૭/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમમાં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.:-

*" (૧૦) આયોગ સમક્ષની સુનાવણીમાં વિવાદીશ્રીનું એ બાબતે ધ્યાન પણ દોરવામાં આવ્યું છે કે આ પ્રકારે તેમના દ્વારા આર.ટી.આઇ. હેઠળ જુદી જુદી વિગતો માંગતી વારંવાર કરવામાં આવતી અરજીઓ પાછળ તેમનો વિવાદ એ મૂળ કારણ છે; તેવી પ્રતિવિવાદી પક્ષની રજૂઆત આયોગને પણ ઉચિત જણાય છે. વિવાદીશ્રીની આ પ્રકારની હરકતોના કારણે જાહેર સત્તામંડળના માનવીય બળોનો દુરુપયોગ થઇ રહેલ છે. આયોગને સમગ્રતઃ અવલોકન કરતાં જણાય છે કે માહિતી અધિકાર અધિનિયમનો વિવાદીશ્રી દ્વારા દુરુપયોગ થઇ રહ્યો છે."*

આયોગ દ્વારા અપીલ નં. અ-૨૧૦૮-૨૦૨૩ અને અન્યમાં તા.૧૭/૧૧/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમમાં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.:-

*" (૧૦) આયોગ સમક્ષની સુનાવણીમાં વિવાદીશ્રીનું એ બાબતે ધ્યાન પણ દોરવામાં આવ્યું છે કે આ પ્રકારે તેમના દ્વારા આર.ટી.આઇ. હેઠળ જુદી જુદી વિગતો માંગતી વારંવાર કરવામાં આવતી અરજીઓ પાછળ સોસાયટીનાં સંચાલન સંદર્ભેનો વિવાદ એ મૂળ કારણ છે; તેવી પ્રતિવિવાદી પક્ષની રજૂઆત આયોગને પણ ઉચિત જણાય છે. વિવાદીશ્રીની આ પ્રકારની હરકતોના કારણે જાહેર સત્તામંડળના હયાત માનવીય બળો અને સ્રોતનાં અપ્રમાણસરનો વપરાશ થઇ રહેલ છે."*

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

પ્રસ્તુત અપીલની વિગતો જોતા પણ વિવાદી દ્વારા જાહેર માહિતી અધિકારીની કચેરી દ્વારા રાખવામાં આવેલ સુનાવણી સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરીને માહિતી માંગવામાં આવેલ છે. જે માહિતી માંગવામાં આવેલ છે, તે માહિતી મેળવવાથી વિવાદીના કોઇપણ મૂળ પ્રશ્નનો ઉકેલ થઇ શકે તેમ જણાતું નથી.

ઉક્ત વિગતો ધ્યાને લેતા આયોગને જણાય છે કે, વિવાદી દ્વારા કલા રેસીડન્સી કો.ઓ.હા.સર્વિસ સોસાયટી લી., વેજલપુર સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ કરવામાં આવી રહેલ છે. વિવાદી દ્વારા જે પ્રકારની માહિતીની માંગણી કરવામાં આવે છે તે પ્રકારે માહિતી અધિકાર અધિનિયમનો ઉપયોગ કરવાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે અને **Genuine** વિવાદીની બીજી અપીલ સાંભળવામાં પણ વિલંબ થઇ રહ્યો છે.

આ ઉપરાંત આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં.

જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિદ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:

(૧) આયોગના હુકમની તારીખથી શરૂ કરીને કલા રેસીડન્સી કો.ઓ.હા.સર્વિસ સોસાયટી લી., વેજલપુરને સંબંધિત માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીઓની સંખ્યામાં ઘટાડો કરીને પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ છ અરજીઓ કરવામાં આવે.

(૨) આવી પ્રત્યેક અરજી અન્વયે કોઇ એક બાબતને સંબંધિત વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓ અંગે માહિતી માંગી શકાશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. અ-૧૮૫૪/૨૦૨૪ માં તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કલા રેસીડન્સી કો.ઓ.હા.સર્વિસ સોસાયટી લી., વેજલપુર સંબંધમાં કુલ ૦૬(છ) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક ........... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના

કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના સચિવને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

આયોગ દ્વારા રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૬(છ) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ઉક્ત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર